**પાણીની પરબ**

ઉનાળાની ઋતુ શરૂ થાય એટલે આભમાંથી તાપ વરસે.બાળ કોથી માંડી વૃધ્ધ સુધીના તમામ લોકો તોબા પોકારી જાય.આવા સમય સૌને હાશકારી આપે અને જીવ હળવો થાય તે માટે જરૂર પડે પાણીની, પાણી વિશે હવે વધારે કહેવાની જરૂર આ સમાજમાં પડે તેવું લાગતુ નથી.વિતેલા દિવસોએ સૌને જાગૃત કરી દીધા છે.

જયારે જયારે આપતિનો કાગળ આવે ત્યારે સમાજમાંથી વિવિધ લોકો, સંગઠનો, સેવા ટ્રસ્ટો આગળ આવી શકય એટલી મદદ કરતા હોય છે. ત્યારે આવા ઉનાળાના કપરા દિવસોમાં ઉજ્જડ રોડ ઉપર તો કયારેક વેરાનવનમાં કે ગામના પાદરમાં આવી પાણીની પરબ જોવા મળે છે. પરંતુ પાણીના પાઉચનું આક્રમણ થતા આવા પરબો ઘટવા લાગ્યા છે. ભવિષ્યમાં કયારેક બાળકોને પરિચય આપવા પાણીના પરબનુ ચિત્ર કે મોડેલ બતાવવું પડશે. ત્યારે પાણીના પરબને બચાવીએ.

લાગણીના પ્રવાહો અને સ્નેહનુ અતુટ બંધન અહિ પરબ ઉપર જોવા મળે છે. થોડા સમય પહેલા હું ખાંભાથી બસમાં બેસી અમરેલી આવતો હતો ત્યારે વચ્ચે સમઢિયાળા ગામ આવે છે. બસસ્ટેન્ડથી ગામ થોડુ દૂર છે. ગામના પાદરમાં(બસસ્ટેન્ડમાં)એક પાણીનુ પરબ ચાલે છે.સાઠેક વર્ષના વૃધ્ધ દાદા જેવી બસ આવે કે તુરત જ હાથમાં પાણીની ડોલ અને ગ્લાસ લઈ પાણી પીઓ, પાણી પીઓ, બસના ફરતે આંટો મારી બારીમાંથી તરસ્યા મુસાફરોને પાણી આપે છે. મુસાફરો ઓછા હોય ઝડપથી બસ નીકળી પડે છે.મારી સીટની બાજુમાં એક યુવાન બેઠેલા તેમણે આ દાદા પાસેથી પાણી પીધુ અને બારીમાંથી ગ્લાસ ફેકયો અડધો ભરેલો ગ્લાસ નીચે ધૂળમાં પડતા ખરાબ થયો. મે આ દ્રશ્ય બારીમાંથી જોયુ મને તો ઘણુ બધુ કહેવાનો વિચાર આવ્યો પણ કશુ જ કહેવાને બદલે મે કહયું દાદા બિચારા કયારે સાફ કરશે. યુવાને ઉધ્ધતાઈથી જવાબ આપ્યો કે પગાર શેનો મળે છે? હું કશું જ જવાબ રૂપે પાછુ વાળી ન શકયો.પણ વિચારના વંટોળે ચઢી ગયો કોણ પગાર આપતુ હશે ? કોણેપરબ બાંધી હશે ? પણ એ બધા વચ્ચે મન વિચારવાની ક્ષિતિજે પહોંચ્યુ ત્યાં તો બસ ઘણી દૂર નીકળી ગઈ ત્યારે પેલા વૃધ્ધ દાદાના ચરણોમાં વંદન કરવાનુ મન થાય.

પ્રોત્સાહન, સેવા, લાગણી વગેરેના વાદળો વચ્ચે પાણીના આવા પરબોને જાળવીએ અને સહકાર આપીએ. નહિ તો પરબના ચિત્રો પણ દૂર્લભ થઈ પડશે. તો પરબ બચાવી જળ એજ જીવનનો મંત્ર સિધ્ધ કરીએ.

**પ્રકાશ ભટ્ટી**

**પ્રતિભાવ**

**માર્ચ ૨૦૦૧ ના અંકમાં પાનાનં. ૪ ઉપર હવા પાણી ગુણવતા નિયમન અંગે ડેવલપમેન્ટ અલ્ટરનેટીવ દ્વારા બનાવેલી પરીક્ષણ કીટ અંગે માહિતિ આપી છે.આ કીટ મેળવવા માટે પુરૂ સરનામુ અને કીટની કિંમત બન્ને મળી શકતા હોય તો જણાવી આભારી કરશો.**

**ગ્રામ શિલ્પી–ગઢશીશા(કચ્છ)**

**હવા પાણી ગુણવતા નિયમન માટે કીટ મેળવવા સંપર્ક માટેનુ સરનામુઃ–**

**Development Alternatives**
**B-32, Tara Crescent,**
**Quatab Institutional Area,**
**New Delhi-110 016**
**Ph-91(11) 6967938, 6565370, 6851158**
**Fax-91(11) 6866031**
**Email-nishantbhardwaj 13@hotmail.com**

Publisher, Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centre and Printer Hiren Bipinbhai Joshi & printed at Devkamal Computers,Ganesh complex - Amreli and Published at 95-Jalaram nagar (2), Amreli, Editor Dhiren Vagadia.

**Post Regn. No. G/AMI-91/99 Book -Post,Printed Matter RNI No.GUJGUJ/1999/1521**
**Date Of Issue1st of month**

ટપક કાર્યાલય
**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર**
૩૧,ઓમનગર(૩), ગોકુલ ગાર્ડન સામે,
હનુમાનપરા રોડ, અમરેલી–૩૬૫ ૬૦૧
☎(૦૨૭૯૨) ૨૫૧૫૭,૨૫૧૯૮,૨૩૫૨૫
E-mail - hard@ad1.vsnl.net.in

**ગોધન,ગજધન,બાજિધન,રતનધન ખાન જબ આવે સંતોષધન સબ ધન ધૂરિ સમાન**

**ટેકનીકલ તથા વહીવટી તાલીમ**

તા.૬/૪/૨૦૦૧ ના રોજ સંસ્થાના ખાંભા કાર્યાલય ખાતે એક દિવસીય જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ યોજનાના નવા છ ગામોના પ્રમુખ/મંત્રીઓની ટેકનીકલ તથા વહીવટી તાલીમ રાખવામાં આવેલ. જેમાં કામની શરૂઆતમાં ગ્રામિણ સમિતિએ ધ્યાનમાં રાખવા જેવી ટેકનીકલ તથા વહીવટી જરૂરી માહિતી તાલીમ આપવામાં આવેલ. આ તાલીમ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખશ્રી ધીરૂભાઈ વાગડીયા, બિપીનભાઈ જોષી, પ્રોજેકટ લીડરશ્રી સુરેશભાઈ ગોહિલ, મુળજીભાઈ બગડા, વજુભાઈ ગોવિંદીયા, ધર્મેન્દ્રભાઈ મહેતા વગેરે ઉપસ્થિત રહયા હતા.

**સ્વસહાય જુથોની વિભાગીય બેઠકો**

સંસ્થા દ્વારા ખાંભા તાલુકામાં ૧૧૫ ની આસ–પાસ સ્વ સહાય જુથો કાર્યરત છે. આ જુથોને ચાર વિભાગમાં વહેંવામાં આવેલ છે.જેની વિભાગીય બેઠક એપ્રિલ માસમાં ખાંભા(તા.૭), તાતણીયા(તા.૧૫), સાળવા(તા.૧૯) તથા સમઢિયાળા (તા.૨૨) મુકામે યોજવામાં આવેલ.જેમાં જુથના હિસાબો તેમજ જુથને સક્ષમ બનાવવા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. ૧૫૦ ની સંખ્યામા જુથના સભ્યો અને જુથલીડરો ઉપસ્થિત રહયા હતા. આ બેઠકોમાં સંસ્થાના પ્રમુખશ્રી ધીરૂભાઈ વાગડીયા, પ્રકાશ ભટ્ટી, કમિશ્નર મહિલા અને બાળવિકાસના વિસ્તરણ અધિકારી શ્રી એ.વી.પોપટ, શિક્ષક શ્રીમતી તરૂલતાબેન વ્યાસ, સુરેશભાઈ ગોહિલ, વજુભાઈ ગોવિંદીયા, ધર્મેન્દ્રભાઈ મહેતા, ભરતભાઈ ટીટીયા, ભારતીબેન પટેલ, મમતા ગૌસ્વામી વગેરે ઉપસ્થિત રહી જરૂરી માર્ગદર્શન પુરૂ પાડયુ હતુ.

**મહિલા સરપંચોની મિટીંગ**

તા. ૧૬/૪/૨૦૦૧ ના રોજ ખાંભા તાલુકાના મહિલા સરપંચોની મિટીંગ સંસ્થાના ખાંભા કાર્યાલય ખાતે ચાલતા પંચાયત સંદર્ભ કેન્દ્ર પર રાખવામાં આવેલ. જેમાં પંચાયત વિશે બહેનો વધારે માહિતગાર બને તેમજ જે બહેનો પંચાયતમાં સભ્ય છે તેમને સક્રિય બનાવવા શું કરવુ જોઈએ તથા સરપંચ બહેનો દ્વારા ગ્રામ્ય વિકાસના કેવા કામો થાય છે તેની માહિતી સરપંચ બહેનો દ્વારા આપવામાં આવી હતી. તેમજ સક્રિય કાર્ય કરવા શું કરવુ જોઈએ તેની ચર્ચા કરવામાં આવેલ. આ મિટીંગમાં સંસ્થાના સાથી મિત્રો ઉપસ્થિત રહયા હતા.

**નીડ એસેસમેંટ સ્ટડી**

ગુજરાત એઈડઝ કંટ્રોલ સોસાયટી તથા પ્રોજેકટ સપોર્ટ યુનિટના સહયોગથી એઈડઝ માટે અમરેલી લાઠીના હીરા ઉધોગના કારીગરો ઉપર નીડ એસેસમેંટ સ્ટડી યોજવામાં આવેલ છે.

**થેલેસેમીયા (બ્લડ ટેસ્ટ) અને રકતદાન શિબિર**

માતુશ્રી મણીબેન લાભશંકર દવે નૂતન અભિગમ ટ્રસ્ટ જુનાગઢના સૌજન્યથી વોટરશેડ વિકાસ યોજના ખાંભા દ્વારા થેલેસેમીયા (બ્લડ ટેસ્ટ) અને રકતદાન શિબિર તા. ૨૯/૪/૨૦૦૧ ના રોજ તાતણીયા મુકામે રાખવામાં આવેલ છે.લગ્નગ્રંથીથી જોડાતા પહેલા દરેક પુખ્ત વ્યકિતએ (ભાઈ/બહેન)થેલેસેમીયા ટેસ્ટ કરાવવો અત્યંત જરૂરી છે. સાથે રકતદાન શિબિર રાખવામાં આવેલ છે. આ શિબિર ખાંભા તાલુકાના નાના વિસાવદર, નાનૂડી, તાતણીયા, ઉમરીયા, લાસા તેમજ ધાવડીયા જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ મંડળોના ઉપક્રમે રાખવામા આવી છે. તેમજ કેમ્પનુ ઉદઘાટન ઉપરોકત છ ગામના જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ મંડળના પ્રમુખશ્રીઓના હસ્તે કરવામાં આવશે.

**જુથ કાઉન્સેલીંગ**

સંસ્થા દ્વારા ચાલતા યુવતિ વિકાસ કેન્દ્ર અંતર્ગત વરસડા તેમજ રોકડીયાપરા અમરેલી મુકામે જુથ કાઉન્સેલીંગ યોજવામાં આવેલ.જેમાં ૪૫ બહેનોએ હાજરરહી આરોગ્યલક્ષી અને સ્વરોજગારી વિશે માર્ગદર્શન મેળવ્યુ હતુ. આ કાર્યક્રમમાં આંગણવાડી કાર્યકર અમરબેન પરમાર, કમળાબેન બામટા, યુવતિ વિકાસ કેન્દ્ર ના કો–ઓર્ડીનેટર વિજયાબેન કુંકવાવ, કુ. જલ્પા ત્રિવેદીએ હાજર રહી ઉપરોકત વિષય પર માર્ગદર્શન પુરૂ પાડયુ હતુ. તેમજ કેન્દ્ર પર ૨૦ બહેનોએ વ્યકિતગત માર્ગદર્શન મેળવ્યુ હતુ.

**બહેનો માટે વ્યવસાયિક તાલીમ કાર્યક્રમો**

કેન્દ્રિય સમાજકલ્યાણ બોર્ડના સહયોગથી અમરેલી મુકામે એમ્બ્રોયડરી અને ફેન્સીવર્ક શીખવા માટે તથા કોમ્પ્યુટર શીખવા માટેના વર્ગો શરૂ કરવામાં આવેલ છે. એમ્બ્રોયડરી વર્ગ તા.૩/૫/૨૦૦૧ થી હરિરાજ સંસ્થામાં શરૂ થઈ રહયો છે અને કોમ્પ્યુટર માટે તા. ૪/૫/૨૦૦૧ ના રોજ શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્રમાં વર્ગ શરૂ થનાર છે આ બન્ને વર્ગો માટે તાલીમાર્થીઓની પસંદગી બોર્ડ દ્વારા થશે. વર્ગના પ્રારંભના દિવસે તાલીમાર્થીઓની રૂબરૂ મુલાકાત યોજી છે. એમ્બ્રોયડરી વર્ગમા ૫૦ બહેનો ૬ મહિનાની તાલીમ લેશે અને ગુજરાત રાજય ટેકનીકલ બોર્ડ દ્વારા આ તમામ તાલીમાર્થી બહેનોની પરીક્ષા લેવામા આવશે. જયારે કોમ્પ્યુટર તાલીમ માટે ૬૦ બહેનો પસંદ પામશે જેમને આ તાલીમ એક વર્ષ સુધી આપવામા આવશે. કોમ્પ્યુટર તાલીમ માટે DOACC SOCITY NEW DELHI દ્વારા તૈયાર કરાયેલ O LEVEL નો કોર્ષ કરાવવામા આવશે અને પરીક્ષા પણ DOACC SOCITY લેશે. પરીક્ષામા ઉતીર્ણ થનાર તાલીમાર્થીઓ ને આ ક્ષેત્રમા ઉજળી તકો છે.

**માનવીએ પોતાના અસ્તિત્વને ટકાવવા માટે વૃક્ષોને બચાવવા જ પડશે.**

### સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના તાલીમ શિબિર

ધારી મુકામે સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના અંતર્ગત સરદાર યુવક મંડળ ધારી તથા અમરેલી જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ગરીબી રેખા નીચે જીવતા જુથો માટેની તાલીમ શિબિર તા. ૧૭–૧૮ એપ્રિલ દરમયાન યોજવામાં આવેલ. જેમાં દેવળા, વીરપુર, ફતેગઢના ૪૦ ભાઈઓ અને ૪૦ બહેનો આ તાલીમનો લાભ લીધો હતો. તાલીમ કાર્યક્રમના ઉદઘાટન સમારંભમાં ધારાસભ્યશ્રી બાલુભાઈ તંતી, શ્રી મનસુખભાઈ ભુવા, નલિનભાઈ કોટડીયા, એ.પી.ઓ. સવિતાબેન પટેલ, ધારી સી.ડી.પી.ઓ. વાસવીબેન સેનગુપ્તા, કુટુંબ સલાહ કેન્દ્રના શ્રીમતિ કંચનબેન વાગડીયા, શ્રીમતિ રેખાબેન દોંગા વિ. ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સુધાબેન રાઠોડે કાર્યક્રમનુ સફળ સંચાલન કરેલ. આ તાલીમ કાર્યક્રમમાં તાલીમકાર તરીકે શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્રના પ્રમુખશ્રી ધીરૂભાઈ વાગડીયાએ સેવા આપી હતી.કાર્યક્રમને સફળ બનાવવા સરદાર યુવક મંડળના પ્રમુખશ્રી રમેશભાઈ નસીત સહિત સંસ્થાના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

### મહિલા સ્વરાજ અભિયાન

તા. ૨૦ એપ્રિલના રોજ અમદાવાદ ખાતે મહિલા સ્વરાજ અભિયાન દ્વારાતાલીમ કાર્યક્રમ યોજાયો.જેમાં પંચાયતની બહેનોમાં આત્મવિશ્વાસ વધે, પંચાયતની કાર્ય પધ્ધતિ જાણતી થાય, ગામના આર્થિક સામાજીક પ્રશ્નો સમજે તેના માટે કેવા પ્રકારની તાલીમ આપવી તે અંગે આ કાર્યક્રમમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. આ કાર્યક્રમમાં સંસ્થાના કાર્યકરશ્રી વજુભાઈ ગોવિંદીયા તથા ભારતીબેન ભટ્ટી તેમજ અલગ–અલગ સંસ્થાઓના ૩૦ જેટલા કાર્યકરો જોડાયા હતા.

### દેશના સ્વાસ્થ્યનો આધાર પર્યાવરણની સ્વચ્છતા ઉપર છે

પર્યાવરણ જોખમો ઉભા થવાથી દેશના જીવ માત્રનુ જીવન જોખમાયએ વાત આપણે જાણીએ છીએ

'આશરા' પંચમહાલ સંસ્થા રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાનના કાર્યક્રમો 'વિકસત' અમદાવાદ સાથે રહી છેલ્લા દસેક વર્ષથી કરી રહી છે.૨૦૦૦–૨૦૦૧ ના વર્ષમાં પણ બે શિબિરોનુ આયોજન ખુદરા(તા.મોરવા) અને પતંગડી(તા.લીમખેડા) મુકામે કરવામાં આવેલ. વૃક્ષ બચાવ, નર્સરી ઉછેર, જંગલ મંડળીઓ તથા મહિલા આરોગ્ય અને પર્યાવરણ જાગૃતિની વિશે લોકોને જાગૃત કરવા પ્રયત્ન કરેલ.આ બન્ને શિબિરોમાં ૧૫૦ જેટલી સંખ્યામાં સ્ત્રી, પુરૂષ તથા વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા.

### ગરીબી નિવારણ ક્રાંતિ એટલે સ્વ સહાય જુથ

આશરા સંસ્થાએ છેલ્લા બે જ વર્ષથી મોરવા તાલુકાના ગ્રામિણ વિસ્તારમાં બચત મંડળો બનાવવાની પ્રવૃતિ શરૂ કરી આજ દિન સુધીમાં ૭૦ જેટલા બચત જંડળો ઉભા કરી ૧૨૦૦ જેટલી બહેનોને બચત સાથે સંગઠીત કર્યા છે. માર્ચ ૨૦૦૧ સુધીમાં દશેક મંડળોને બે લાખ રૂપિયા જેટલી બેન્ક લોન પણ અપાવી છે. અને તેનો ઉપયોગ આરોગ્ય, મહિલા શિક્ષણ તથા ઘર વપરાશ ખર્ચ ના કામમાં મહિલાઓ દ્વારા થયો છે. આ મંડળોએ પોતાની બચતને આંતરિક ધિરાણમાં ઉપયોગ કર્યો છે. મંડળોના સ્વચ્છ વહીવટ માટે સ્વચ્છ અને સરળ હિસાબો અત્યંત જરૂરી છે. આ બાબતને ધ્યાનમાં રાખી તા. ૨૯/૩/૨૦૦૧ ના રોજ ૨૪ જુથોને હિસાબી તાલીમ આપવામાં આવી.જેમાં વડોદરા પંચમહાલ ગ્રામીણ બેન્ક હેડ ઓફિસના મહિલા વિકાસ અધિકારી કુ. કેશરબેન રાઠોડ અને પંચમહાલ વડોદરા ગ્રામીણ બેન્ક મોરવાના મેનેજરશ્રી સીસોદીયા તથા આશરા સંસ્થાના સંયોજકશ્રી ઇશ્વર યોગી, બચત મંડળના સંયોજક શીલાબેન પટેલ, કુબેરભાઈ ખાંટ વગેરે ઉપસ્થિત રહયા હતા.

### વિશ્વ આરોગ્ય દિનની ઉજવણી

૭ એપ્રિલ ૨૦૦૧'વિશ્વ આરોગ્ય દિન નિમિતે' સોસાયટી ફોર ધી ટ્રેનીગ એન્ડ વોકેશનલ રીહેબીલીટેશન ઓફ ધી ડીસએબલ્ડ' સંચાલિત રકતપિત્ત ગ્રસ્તો, વિકલાંગો અને મંદબુધ્ધિની બહેનોના તાલીમ અને પુનવર્સન કેન્દ્ર 'સેવાતીર્થ' તરસાલી, વડોદરા મુકામે તેઓની સુષુપ્ત શકિતઓને ખીલવતી કૌશલ્ય સ્પર્ધાઓ નુ આયોજન હાથ ધરવામાં આવ્યુ હતુ.

### સહચિંતન શિબિર

તા. ૨૭–૨૮ એપ્રિલ ૨૦૦૧ દરમ્યાન 'સ્વરાજ–ગુજરાત' દ્વારા 'જીવનતીર્થ' જુના કોબા ખાતે સામાજીક ક્ષેત્રે રચના અને સંઘર્ષનું કાર્ય કરતા કર્મશીલો માટે ' હું અને મારા જીવનમૂલ્યો' વિષય પર બે દિવસની સહચિંતન શિબિર રાખવામાં આવેલ છે. આ તાલીમ શિબિરમાં સંસ્થા દ્વારા ચાલતા ફેમિલી કાઉન્સેલીગ સેન્ટરના કાઉન્સેલર તથા યુવતી વિકાસ કેન્દ્રના કો–ઓર્ડીનેટર ઉપસ્થિત રહવાના હતા પરંતુ કાર્યક્રમોની વ્યસ્તતાને લીધે ભાગ લઈ શકયા નથી.

### ગેપ

તા. ૨૩–૨૮ એપ્રિલ ૨૦૦૧ દરમ્યાન ગુજરાત એઈડઝ અવેરનેસ એન્ડ પ્રિવેન્શન યુનિટ ઓફ ISRCDE દ્વારા HIV/AIDS તથા STD સંદર્ભ NGO ક્ષમતા વૃધ્ધિ કાર્યક્રમની બીજા તબકકાની તાલીમ શિબિર અમદાવાદ ખાતે રાખેલ છે. જેમાં હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટના બે સાથી મિત્રો ઉપસ્થિત રહેશે.

**વૃક્ષ પોતે જેટલું પાણી વાપરે છે એનાથી અનેક ગણું ભૂગર્ભમાં ઉતારે છે.**

# ટપક

**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખપત્ર**

**વર્ષ :૩ અંક : ૪ એપ્રિલ ,૨૦૦૧**



**સંપાદક ટીમ**
પ્રકાશ ભટ્ટી
કંચનબેન વાગડિયા
વજુ ગોવિંદીયા
ધર્મેન્દ્ર મહેતા
મમતા ગૌસ્વામી
વિજયાબેન કુંકવાવ
રેખાબેન દોંગા


## જીવન

જીવન એક અમુલ્ય રત્ન છે તેનેખોટી રીતે ગુમાવવુ જોઈએ નહી ક્ષણે ક્ષણનો ઉપયોગ કરવો જોઈએ. ગઈ તક હજારો સોના મહોરો દેતા પાછી આવતી નથી.મળેલી તકનો ઉપયોગ સારી રીતે કરો કે માનવસેવા, પશુસેવા, મા–બાપની સેવા, દયા ભાવનામાં જીવ રાખવો, કોઈનો તિરસ્કાર કરવો નહી. બીજાની વાત ઘ્યાનથી સાંભળવી, ખોટુ બોલવુ નહી, આજે આપણે જોઈએ છીએ કે પૈસાની લાલચમાં બાપ દિકરાને પણ મારી નાંખે છે. ગમે તેવા સંબંધોના મણકા હોય પણ તમે તેને પૈસાને તાતણે બાંધી ન શકો. તે પૈસાનો તાતણો જેટલો નાજુક છે, એટલો જ આકર્ષિત છે જેના ચળકાટથી કયારેય વાસ્તવિકતાનો ખ્યાલ આવવાનો નથી. ધન અને રૂપનુ અભિમાન કયારેય કરવુ જોઈએ નહી.

**જાગી જોને જીવડા તુ એકલ આવ્યો એકલ જાને**
**મન સુબાના ત્રણેય મિનારા પ્રેમ થકી જો લાગ પ્યારા**
**શું લઈ આયો શું લઈ જવાનો,એકલ આવ્યો એકલ જાને**

જયારે મનુષ્ય જન્મ થાય ત્યારે ઘરની અંદર આનંદ અને હરખની હેલી આવે છે. જયારે મૃત્યુ થાય ત્યારે જાણે દુઃખના ડુંગર તૂટી પડે છે. આવુ થવુ ન જોઈએ પરંતુ આ પણ સમાજની વાસ્તવિકતા છે.આપણે સ્વીકારવી જોઈએ. જીવન એવુ જીવવાનુ કે મૃત્યુ પછી લોકો યાદ કરે. આપણે જયારે સુતા હોઈએ અને નીદરમાં આપણે રાજ હોય એવુ સુખ જોતા હોઈએ અને નીદરમાંથી એકદમ જાગીએ ત્યારે આપણા પોતાના ઘરમાં હોઈએ. તેવી રીતે સંસારરૂપી સ્વપ્નુ આપણને સારૂ લાગે છે. જેમ નીદરના સ્વપ્નાની જેમ જીવનનુ સ્વપ્ન કયારે પુરૂ થઈ જાય તે કોઈનેખબરનથી. જેમ ઘઉ ભરેલી ગુણીને કાણુ હોય અને ધીમે ધીમે દાણા બહાર આવતા હોય, તો તે કાણુ સાંધી ફરી ઉપયોગમા લેવાય છે પણ આપણુ માનવ શરીર કોઈ કામ લાગતુ નથી માટે જીવંત હોઈએ એ દરમ્યાન કોઈના કામમાં મદદરુપ કે રાહ ચીંધાડનાર બની શકીએ તો આપણે આપણા જીવનનો કંઈક ઉપયોગ કર્યો લેખાશે.માટે આપણે આજથી જ સંકલ્પ કરીએ કે સંગઠનના રુપમા કે એકલા આપણે સમાજ માટે કંઈક કરીએ. **–કંચન વાગડીયા**

## જળ સંગ્રહ

પહેલાનુ સૌરાષ્ટ્રઃ કલ્પના કરો આજથી ૪૦ વર્ષ પહેલાના આપણા ગામની .....!ગામે ગામના ખેતરો હરીયાળા પાકથી લહેરાતા હતા.ધરતી માતાએ લીલી ચાદર ઓઢી હોય તેમ ગૌચરો લીલાછમ ઘાસથી છવાયેલા હતા.મોટી સંખ્યામા દુધાળા પશુઓ હતા. તળાવો–કુવાઓ નીરથી છલકાતા હતા,અને નદીઓ હતી ઘટાદાર વૃક્ષોના જંગલો હતા અને તેથી વરસાદ નિયમિત રીતે અને પૂરતા પ્રમાણમાં થતા હતા.પાણીની રેલમછેલ હતી.

આજનુ સૌરાષ્ટ્રઃ મોલાત વગરના ખાલીખમ ખેતરો ઘાસવિહોણા ગૌચરો છે.દુધાળા પશુઓ નામશેષ થઈ ગયા છે.દુધ–ઘી દુર્લભ થઈ ગયા છે.કુવા–તળાવ ખાલીખમ છે.ડુંગરાઓ વેરાન છે,નદી–ઝરણાઓમા કાંકરા ઉડે છે. સમગ્ર ધરતી વેરાન અને ઉજ્જડ ભાસે છે.પરદેશી બાવળ અને ઝાંખરાઓ સિવાય કોઈ વૃક્ષ જોવા મળતુ નથી. ઝાંઝવાના ઝળ જોઈને સંતોષ માનવો પડે છે, ૫૦૦ થી ૭૦૦ ફૂટ સુધી ઉંડો દાર કરવાથી પણ પાણી મળતુ નથી અને મળે છે તે પાણી ખારુ, કડવુ, મોળુ,કે ગરમ હોય છે,જે પીવા કે સિંચાઈ લાયક હોતુ નથી.

સૌરાષ્ટની આજની ઉજ્જડ પરિસ્થિતિના કારણોઃ ૪૦ વર્ષ પહેલાની માણસની વ્યકિતગત ન્હાવા–ધોવા તથા વપરાશની જરૂરીયાત હતી તેનાથી આજે અનેક ગણી જરૂરીયાત વધી છે. વસ્તી પણ ૪૦ વર્ષ પહેલા કરતા આજે ચાર ગણી વધી છે. આમ પાણીનો વપરાશ અનેક ગણો વધ્યો. ૪૦ વર્ષ પહેલા કરતા આજે જમીનમાથી સિંચાઈ માટે આધુનિક સગવડતાઓ વધી છે,જેથી ઊંડે ઊંડેથી પણ પાણી ખેચી લેવાયુ છે.તેની સામે વરસાદરૂપે પૃથ્વી પર પડતુ પાણી ઘટયુ અને આપણા દ્વારા તેનો સંગ્રહ નકરવાને લીધે તે પાણી દરિયામા જાય છે.

ઉગરવાનો એક માત્ર ઉપાયઃ વરસાદી પાણીના વહનમાર્ગમા ચેકડેમો,તલાવડીઓ અને નહેરો એવી રીતે બનાવએ કે જેથી પાણી ગામની સીમમા ફરતે રોકાયેલુ રહે જેથી કરીને જમીનના તળોમા પાણી ઉતરેઅને ભૂગર્ભજળ સપાટી ઉપર આવે અને આપણો પાણીનો પ્રશ્ન કાયમ માટે હલ થઈ શકે. **રમેશ ભંડેરી–એવરેસ્ટ ગૃપ,ભાડ**

**તમે જે કહેશો એ વિશે લોકો કદાચ શંકા કરે,પણ તમે જે કરી બતાવશો એ તેઓ માનશે.**